| PUBLICATION NAME : | Gujarat Pranam |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 26/04/24 |
| PAGE : | 2 |

# ગ્લોબલ આંત્રપ્રેન્યોરશિપ મોનિટર (GEM) ૨૦૨૩/૨૦૨૪ રિપોર્ટ દર્શાવે છે કે ભારત ઉદ્યોગસાહસિક લેન્ડસ્કેપમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવ્યું છે, જે ૪૯ અર્થતંત્રોમાં બીજા ક્રમે છે

નવા ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર (GEM) ૨૦૨૩/૨૦૨૪ રિપોર્ટ અનુસાર, ભારત બિઝનેસ શરૂ કરવા માટે વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ સ્થળો પૈકીનું એક છે અને ૪૯ દેશોમાં બીજા સ્થાને છે. આ આંતરદૃષ્ટિ ભારતના નિષ્ણાતો સાથે કરવામાં આવેલા સર્વેક્ષણ પર આધારિત છે જ્યાં તેમને ૧૩ આંત્રપ્રિન્યોરશિપના ફ્રેમવર્ક શરતો (EFCs) પર દેશનું મૂલ્યાંકન કરવાનું કહેવામાં આવ્યું હતું.આ મૂલ્યાંકનો અર્થતંત્રના નેશનલ એન્ટરપ્રેન્યોરશિપ કોન્ટેક્સ્ટ ઈન્ડેક્સ (NECI) સ્કોર અને રેંક માટેનો આધાર છે અને યુનિવર્સિટી ઓફ ગ્લાસગો એડમ સ્મિથ બિઝનેસ સ્કૂલ દ્વારા તૈયાર કરવામાં આવે છે. ભારત માત્ર ત્રણ GEM દેશોમાંનો એક છે જેમાં તમામ EFCનું પર્યાપ્ત કરતાં વધુ (નેધરલેન્ડ અને સંયુક્ત આરબ અમીરાતની સાથે) મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ સ્કોર : ભારતના મજબૂત પ્રદર્શનને ઉદ્યોગસાહસિકતાના સમર્થનમાં 'સામાજિક અને સાંસ્કૃતિક ધોરણો' અને 'શાળા અને શાળા પછીના સ્તરે ઉદ્યોગસાહસિકતા શિક્ષણ' જેવી માળખાકીય પરિસ્થિતિઓ પર ઉચ્ચ સ્કોર દ્વારા સમર્થિત કરવામાં આવ્યા છે.